અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ સુધારણા ૨૦૧૫ અન્વયે ત્વરિત કામગીરી માટે નિવાસી અધિક કલેકટરશ્રી ની ખાસ અધિકારી તરીકે નિમણુંક આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- હસલ/૧૨૨૦૧૬/૭૪૧૮૮૨/હ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૬/૧૨/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકાર, કલ્યાણ મંત્રાલય, નવી દિલ્હીના તા. ૩૧/૦૩/૧૯૯૫ નું જાહેરનામું.
(૨) ભારત સરકાર, કાયદા અને ન્યાય મંત્રાલય, વૈધાનિક વિભાગ, નવી દિલ્હીની તા. ૦૧/૦૧/૨૦૧૬ ની અધિસૂચના.
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૧૫/૧૧/૨૦૧૬ ના પત્ર ક્ર: અજાક/છ-૧/૨૩૫/૨૦૧૬/૭૪૨૨.
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૦/૦૯/૨૦૦૨ ના ઠરાવ ક્ર: હસલ/૧૦૨૦૦૨/ભા.સ.૦૫-હ.

**આમુખ:**

ભારત સરકારના તા. ૩૧/૦૩/૧૯૯૫ ના વંચાણે લીધેલ ક્ર: ૧ ના જાહેરનામાંથી "અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) નિયમોના નિયમ – ૧૦ અન્વયે અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૯ ના અસરકારક અમલ માટે વંચાણે લીધેલ ક્ર: ૪ ઉપરના તા. ૨૦/૦૯/૨૦૦૨ ના ઠરાવથી તકેદારી અધિકારીશ્રીઓની "ખાસ અધિકારી" તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ ૨૦૧૫ થી ૧૯૮૯ના અધિનિયમમાં પ્રકરણ ૪ (અ) ઉમેરવામાં આવેલ છે. આ પ્રકરણ ૪ (અ) ની પેટા કલમ (૧૧) માં નિર્દિષ્ટ કર્યા અનુસારની જોગવાઇઓ હેઠળની ત્વરિત કામગીરી માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રીઓની "ખાસ અધિકારી" તરીકે નિમણુંક કરવા અંગેની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્ર: ૩ ઉપરની તા. ૧૫/૧૧/૨૦૧૬ ની દરખાસ્ત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિ અને જનજાતિઓ ઉપર થતાં અત્યાચારના બનાવ સંદર્ભે અસરકારક / ત્વરિત કામગીરી થઇ શકે તે હેતુસર રાજ્યના દરેક જિલ્લાના નિવાસી અધિક કલેકટરશ્રીની "ખાસ અધિકારી" તરીકે નિમણુંક કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

પાછળ......

રાજ્યના દરેક નિવાસી અધિક કલેકટરશ્રીઓએ "ખાસ અધિકારી" તરીકે અનુસૂચિત જાતિ / જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારણા અધિનિયમ – ૨૦૧૫ ના પ્રકરણ - ૪ (એ) ની કલમ - ૧૫ (એ) ની પેટા કલમ (૧૧) માં નિર્દિષ્ટ કર્યા અનુસારની કામગીરી બજાવવાની રહેશે અને તે બાબતો માટે તેઓશ્રી જવાબદાર રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિષ્ણુ પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

[redacted]

પ્રતિ,
- નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન.સર્વેમંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (સા.શૈ.પ.વ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે નિવાસી અધિક કલેકટરશ્રીઓ
- પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર. (તાબા હેઠળની સંબંધીત કચેરીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ)
- સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ( વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતી સહ.)
- એકાઉન્ટન્ટ,જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકાશ્રી, અમદાવાદ / રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ